# પાઈપિંગ ફુટ




આ ટ્યુટોરિયલમાં તમે ઉષા જેનોમ પાઈપિંગ ફુટનો ઉપયોગ અને આ ફુટની મદદથી સાંધાની અંદર કોર્ડ કેવી રીતે દાખલ કરવો તે શીખશો.



પાઈપિંગ કિનારીઓને સ્ટાઈલ આપવામાં મદદ કરે છે અને તેમાં તાકાત ઉમેરીને તેમને વિશેષ બનાવે છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ વસ્ત્રો અને ઘરની એસેસરીઝમાં થાય છે અને સીવવાના પ્રોજેક્ટ્સની વિવિધ શ્રેણીમાં રચનાત્મક રીતે તેનો ઉપયોગ કરી શકાય છે.

આ લેસન માટે તમારે જરૂર પડશે: ઉષા જેનોમ પાઈપિંગ ફુટ, ફેબ્રિકની 10 X 2 ઈંચની સ્ટ્રીપ, ફેબ્રિકનો 10X10 ઈંચનો એક ચોરસ ટુકડો, અહીં દર્શાવ્યા પ્રમાણે કેટલાક કોર્ડ, દોરા, અને કાતરની એક જોડી.

આ પાઈપિંગ ફુટ છે - તેને ધ્યાનપૂર્વક જુઓ અને તમે નોંધશો કે તેની નીચેના ભાગમાં બે ખાંચા છે - આ પાઈપિંગ કરતી વખતે કોર્ડને હોલ્ડ અને કવર કરે છે. હવે પરફેક્ટ પાઈપિંગ કેવી રીતે મેળવવું તે જાણવા માટે સૂચના પ્રમાણે કરો... નોર્મલ પ્રેશર ફુટને દૂર કરો અને પાઈપિંગ ફુટ પર સ્નેપ કરો.

હવે ફેબ્રિકની પટ્ટી લો, કોર્ડને ફેબ્રિક પટ્ટીની મધ્યમાં મૂકો અને કોર્ડને લંબાઈ અનુસાર કાપી લો. પટ્ટીને કોર્ડ ઉપર કિનારીઓ મળે એ રીતે ફોલ્ડ કરો. મારી જેમ આને દ્રઢતાથી પકડો અને કોર્ડ સાથે ફોલ્ડ કરેલ ફેબ્રિકને પાઈપિંગ ફુટ નીચે મૂકો.




તમારા મશીનને સ્ટ્રેટ સ્ટીચ પર સેટ કરો. ત્યારબાદ સ્ટીચ લેન્થ 2 થી 3 ની વચ્ચે રાખો અને સ્ટીચ પહોળાઈને વધારીને 4 અને 5 ની વચ્ચે રાખો.

સ્ટાર્ટ દબાવો અને સિલાઈ શરૂ કરો. કોર્ડને સુરક્ષિત કરવા માટે તમે ફેબ્રિકને પિન કરીને પણ સીવી શકો છો. મશીનની સ્પીડને ધીમે ધીમે કાર્યક્ષમ છતાં આરામદાયક સ્તર સુધી વધારો.

તમારું પાઈપિંગ તૈયાર છે. કોર્ડ અને દોરાની વધારાની કિનારીઓ કાપી લો.હવે ફેબ્રિકનો મોટો ટુકડો લઈને ફેબ્રિકની જમણી બાજુએ કિનારી સાથે આ રીતે પાઈપિંગ મૂકો.

ફેબ્રિક પરના પાઈપિંગ પર સ્ટીચ કરતી વખતે કોર્ડેડ પાઈપિંગને સરળતાથી પસાર થવા દેવા માટે ડાબી બાજુએ રહેલા ખાંચાનો ઉપયોગ કરો. સોયને પાઈપિંગ પર સીવેલી લાઈન સાથે ડાબી તરફ સંરેખિત કરો.

હવે સ્ટીચ પહોળાઈને 2.5 સુધી ઘટાડો અને ટાંકા લેવાનું શરૂ કરો.

ત્યારબાદ બહેતર ફિનિશિંગ માટે, જે રીતે હું કરું છું તેમ, પાઈપિંગને ફેબ્રિકની નીચે ફોલ્ડ કરો. સ્ટીચ પહોળાઈને 4 સુધી વધારો અને સ્ટીચિંગ કરવાનું શરૂ કરો. આ તમારા ફિનિશિંગમાં સુંદરતા ઉમેરશે.

તમે વિવિધ સિલાઈ પ્રોજેક્ટ્સમાં સુશોભિત સજાવટ તરીકે પાઈપિંગનો ઉપયોગ કરી શકો છો અને તેને હેમલાઈન્સ અને નેકલાઈન્સને કે કોઈપણ ગારમેન્ટને વધુ ઓપ આપવામાં માટે ઉપયોગ કરી શકો છો જે તમારા પોશાકનો એકંદર દેખાવ સુધારી શકે. તમારી એક્સેસરીઝ, આર્ટ પ્રોજેક્ટ્સ, રજાઈ વગેરે પર વધારાની કિનારી ઉમેરવા માટે પાઈપિંગનો ઉપયોગ કરો અને મજા માણો. તો આગળ વધો અને એક આકર્ષક પાઈપિંગ ફિનિશિંગની પ્રેક્ટીસનો આનંદ લો!